BRAMPTON Flower City
brampton.ca

Service and Information Update

# અપડેટ: ડ્રાઈવવેઝ માટેના નવા નિયમો મુલતવી રાખવામાં આવ્યા

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (20 જૂન 2019) – રહેવાસીઓનાં પ્રતિભાવોને ધ્યાન પર લઈને ડ્રાઈવવેનાં સુધારાવધારા માટેની નવી પરમીટ જરૂરિયાતો આ વર્ષનાં ઉત્તરાર્ધ સુધી મુલતવી રાખવામાં આવી છે. આ નિર્ણય સીટી કાઉન્સિલની સભામાં જુન 19ના રોજ લેવામાં આવ્યો હતો.

આમ તો નવા નિયમો જુલાઈ 2ના રોજ અમલી બનવા અનુસૂચિત હતાં. હવે તે નવેમ્બર 22ના રોજ અમલી બનવાની અપેક્ષા રાખવામાં આવે છે. સીટી સ્ટાફ પરમીટ પ્રોગ્રામની સમીક્ષા કરીને પાનખરના પૂર્વાર્ધમાં કોઇ પણ સૂચિત ફેરફારો હશે તે સાથે કમિટી ઓફ કાઉન્સિલને અહેવાલ સૂપ્રત કરશે.

હાલના સમયે કોઇ પણ વ્યક્તિ જેઓ ડ્રાઇવવે પહોળો કરે તેઓ માટે માત્ર ત્યારે જ સીટી પરમીટની જરૂર પડશે જો તેઓ નગરપાલિકાની પગથી (કર્બ)ને તોડવાનાં હોય. રહેવાસીઓને યાદ અપાવવામાં આવે છે કે પોતાના લૉટની પહોળાઇના આધારે સીટીનાં ડ્રાઇવવેઝ માટે મંજૂર થયેલ મહત્તમ પહોળાઈનાં ધોરણો અમલમાં છે. મિલકત પર યોગ્ય ગટર હોય તે સુનિશ્ચિત કરવા માટે ડ્રાઇવવે અને સાઇડ લોટ લાઇન વચ્ચે 0.6 મીટર (2 ફુટ)નું પરમિએબલ એટલેકે પ્રવેશ્ય લેન્ડસ્કેપિંગ હોવું જોઇએ (દા ત, ઘાસ, બગીચો, ફુલના ક્યારા). વધુ વ્ગતો માટે સિટીનાં ઝોનિંગ ડિવિઝનનો 905.874.2090 પર સંપર્ક કરશો.

નવા ડ્રાઈવવેનાં નિયમો વિષયક મૂળ સૂચના વાંચવા માટે અહીં ક્લિક કરો.

-30-

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પ્ટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca